# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૬ તા.૦૧-૧૦-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- શાળાના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ફોટોગ્રાફિક સ્પર્ધાના આયોજન બાબત.

સંદર્ભ:- ક્રમાંક -જશભ/ફોટોગ્રાફી સ્પર્ધા/૨૦૨૦/૧૯૪૪-૫૪ તા.૩૦-૦૯-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના શિક્ષણ વિભાગના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગની સૂચના અન્વયે એનસીઈઆરટી, નવી દિલ્હી દ્વારા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિની ઉજવણીના બે વર્ષના સમયગાળાના અંતભાગમાં સમગ્ર દેશની તમામ શાળાના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. સ્પર્ધાની વિગતવાર માહિતી આ સાથેના સંદર્ભિત પત્રમાં સામેલ છે. જેનો ચિવટપૂર્વક અભ્યાસ કરી તેમાં આપેલ નિયમો અને સૂચના અનુસાર વધુને વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લે તેવું આયોજન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૧-૧૦-૨૦૨૦

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

સત્ય મેવ જયતે
Govt. of Gujarat

પ્રાચાર્ય

ક્રમાંકઃજશભ/ફોટોગ્રાફી સ્પર્ધા /૨૦૨૦/૧૯૪૪-૫૪
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર
ગોતા ચોકડી પાસે, ગોતા ઓગણજ રોડ, અમદાવાદ
ઇ-મેઇલઃ diet-urban-ahd@gujarat.gov.in
**Web : www.dietahmdcity.org**
તારીખઃ ૩૦/૦૯/૨૦૨૦

---

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી- અમદાવાદ શહેર
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી- જિલ્લા પંચાયત
શાસનાધિકારીશ્રી- નગર પ્રાથમિક શિક્ષણ સમિતી
અમદાવાદ

વિષયઃ- શાળાના વિધાર્થીઓ માટે ઓનલાઇન ફોટોગ્રાફિક સ્પર્ધાના આયોજન બાબત...

સંદર્ભઃ- ક્રમાંક/જીસીઇઆરટી/સંશોધન/૧૧૦૯૪- ૧૧૧૨૪ તારીખઃ- ૨૯/૦૯/૨૦૨૦

શ્રીમાન,

જયભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના શિક્ષણ વિભાગના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગની સૂચના અન્વયે એનસીઇઆરટી, નવી દિલ્હી દ્વારા ગાંધીજી 150મી જન્મ જયંતિની ઉજવણીના બે વર્ષના સમયગાળાના અંતભાગમાં સમગ્ર દેશની તમામ શાળાના વિધાર્થોઓ માટે ઓનલાઇન ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધાની જાણ શાળાઓમાં કરવાની થાય છે. આ સ્પર્ધા અંગેની વિગતવાર માહિતી આ સાથે સામેલ છે. આ અંગે આપશ્રીને તમામ શાળાને પત્રની સાથે બિડાણ સામેલ કરી જાણ કરવા નમ્ર વિનંતી છે. જેથી યોગ્ય રીતે નિયમોને સમજી સ્પર્ધામાં ભાગ લઇ શકે.

આભાર સહ,

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમદાવાદ-શહેર

બિડાણઃ- જીસીઇઆરટીનો પત્ર સ્પર્ધા અંગેની વિગતવાર માહિતીના બિડાણ સાથે.

સવિનય નકલ રવાના જાણ સારૂઃ-

- માન. નિયામકશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર

નકલ રવાના અમલ કરવા સારૂઃ-

- તમામ યુઆરસી કો-ઓર્ડિનેટરશ્રી
  નગર પ્રામથમિક શિક્ષણ સમિતી, અમદાવાદ
- બીઆરસી કોઓર્ડિનેટરશ્રી
  વિરમગામ, માંડલ અને દેત્રોજ

નિયામક

ક્રમાંક : જીસીઈઆરટી/સંશોધન/2020/ ૧૧૦૮૪-૧૧૧૯૪
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 28/09/2020

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
તમામ.

વિષયઃ શાળાઓના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન ફોટોગ્રાફી સ્પર્ધાના આયોજન બાબત
સંદર્ભઃ માન.સચિવશ્રી, શિક્ષણવિભાગ, નવી દિલ્હીના ડી.ઓ.નં-08-01-2018-EF.1 (Pt-II) Dt.22/09/2020

શ્રીમાન,

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના શિક્ષણ વિભાગના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગની સૂચના અન્વયે એનસીઇઆરટી, નવી દિલ્હી દ્વારા ગાંધીજી 150મી જન્મ જયંતિની ઉજવણીના બે વર્ષના સમયગાળાના અંતભાગમાં સમગ્ર દેશની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધાની જાણ ગુજરાતની તમામ શાળાઓમાં સત્વરે કરવાની થાય છે. આ સ્પર્ધા સફળ રીતે હાથ ધરાય અને પૂર્ણ થાય તે માટે આ સાથે નવી દિલ્હીનો વિગતવાર માર્ગદર્શન પૂરું પાડતો પત્ર આ સાથે બિડાણમાં સામેલ કરેલ છે. તેનો અભ્યાસ કરી તેને અનુસરવાનો રહેશે. રાજ્યની તમામ શાળાને પણ પત્રની સાથે બિડાણમાં સામેલ કરી મોકલવાનો રહેશે. જેથી તેઓ યોગ્ય રીતે નિયમોને સમજી સ્પર્ધામાં ભાગ લઇ શકે.

આભાર સહ,

નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર

બિડાણઃ માર્ગદર્શક રૂપરેખાનો પત્ર

નકલ સવિનય રવાના જાણસારું..

- માન.મંત્રીશ્રી, (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય.
- માન.સચિવશ્રી, શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણમંત્રાલય, ભારત સરકાર.
- માન.સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય.
- માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.

બિડાણ:

<u>**સ્પર્ધા અંગેની વિગતવાર માહિતી**</u>

મહાત્મા ગાંધીની 150 મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે ફોટોગ્રાફી સ્પર્ધા

1. સ્પર્ધાનું સ્વરૂપ: ફોટોગ્રાફી સ્પર્ધા
2. ફોટોગ્રાફી હરીફાઈ માટેની થીમના વિકલ્પો: "શ્રમનું ગૌરવ" અથવા "એક ભારત શ્રેષ્ઠ ભારત"
3. કેમેરાનો ઉપયોગ: સેલ ફોન્સ પરના કેમેરા સહિત કોઈપણ કેમેરા
4. સબમિશનની રીત: ફક્ત જેપીઇજી ફોર્મેટમાં સબમિટ કરવાનું રહેશે.
5. સ્પર્ધા માટેની ગ્રેડ કેટેગરીઝ:
   - કેટેગરી 1: ધોરણ: 1 થી 5
   - કેટેગરી 2: ધોરણ: 6 થી 8
   - કેટેગરી 3: ધોરણ: 9 થી 12
6. વિદ્યાર્થી દીઠ એન્ટ્રીની સંખ્યા: બાળક દીઠ માત્ર એક જ એન્ટ્રી
7. વિદ્યાર્થી દ્વારા એન્ટ્રી ક્યાં સબમિટ કરવાની રહેશે: બધા વિદ્યાર્થીઓએ તેમની એન્ટ્રી તેમની સંબંધિત શાળામાં સબમિટ કરવાની રહેશે.
8. વિદ્યાર્થીઓ દ્વારા શાળાઓમાં એન્ટ્રી રજૂ કરવાની છેલ્લી તારીખ: 9 ઓક્ટોબર,2020
9. શાળા દ્વારા કાર્યવાહી: સંબંધિત શાળાના આચાર્ય / શાળાના વડા દરેક ગ્રેડ કેટેગરીમાં એક શ્રેષ્ઠ ફોટોગ્રાફની પસંદગીની વ્યવસ્થા કરશે અને પસંદ કરેલા શ્રેષ્ઠ ફોટા 10 થી 15 ઓક્ટોબર, 2020 સુધીમાં નીચે જણાવેલ લિંક પર અપલોડ કરશે.

   https://innovate.mygov.in/photography-contest/

10. એન્ટ્રીની વિગતો અપલોડ કરતી વખતે , શાળા દ્વારા ફરજિયાત ભરવાની માહિતી: બાળકનું નામ, ગ્રેડ કેટેગરી, શાળાનું નામ, શાળાનું સરનામું, શાળા જ્યાં સ્થિત છે તે રાજ્ય / યુ.ટી., શાળાનો UDISE કોડ, આચાર્યનું ઇમેઇલ આઈડી. શાળા/ આચાર્ય/શાળાના વડાનો મોબાઇલ નંબર.
11. એનસીઇઆરટીની ભૂમિકા: બધી એન્ટ્રીઓ સબમિટ કર્યા પછી. MyGov / NCERT આ એન્ટ્રીઓને રાજ્ય મુજબની કેટેગરી પ્રમાણે ગોઠવણ કરશે અને 20 ઓક્ટોબર, 2020 સુધીમાં તેમને સંબંધિત રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશને મોકલશે.
12. રાજ્ય / કેન્દ્રશાસિતની એસસીઇઆરટીની ભૂમિકા: દરેક વર્ગમાં રાજ્ય / યુટીમાંથી ટોચની પાંચ એન્ટ્રીઓની પસંદગી માટે રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશ તરફથી પ્રાપ્ત થયેલ એન્ટ્રીઓનું મૂલ્યાંકન કરવા માટે એસ.સી.ઇ.આર.ટી.ના "નિષ્ણાતોની સમિતિ" ની રચના કરશે. આ એન્ટ્રીઓને રાષ્ટ્રીય સ્તરે તા.30 ઓક્ટોબર, 2020 સુધીમાં એનસીઇઆરટીને મોકલી આપવાની રહેશે.
13. રાજ્ય કક્ષાના વિજેતાઓ: દરેક રાજ્યમાં દરેક કેટેગરીમાંથી ટોપ પાંચ એન્ટ્રીઓને રાજ્યકક્ષાના વિજેતા તરીકે ગણવાની રહેશે. અને તેમને એનસીઇઆરટી દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે.
14. રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ એન્ટ્રીઓની પસંદગી: આ પસંદગી પ્રક્રિયા તા.15 થી 30 નવેમ્બર 2020 થી એન.સી.ઇ.આર.ટી. એ અધિકૃત કરેલ ટીમ દ્વારા હાથ ધરવામાં આવશે.

15. રાષ્ટ્રીય વિજેતાઓની ઘોષણા: એનસીઇઆરટી દ્વારા 15 થી30 નવેમ્બર 2020 સુધીમાં એન.સી.ઇ.આર.ટી. દ્વારા કરવામાં આવશે.

16. પ્રમાણપત્ર વહેંચણી: MyGov લીંક પર શાળાઓ દ્વારા જે સ્પર્ધકોના ફોટોગ્રાફ અપલોડ કરવામાં આવ્યા હશે તે તમામને એનસીઇઆરટી અને MyGov ના સંયુક્ત ઉપક્રમે સ્પર્ધામાં ભાગ લેવા બદલનું પ્રમાણપત્ર આપવામાં આવશે.

17. ઇનામ: એનસીઇઆરટી પ્રત્યેક કેટેગરીમાં ટોચના ત્રણ વિજેતાઓ અને સાત આશ્વાસન એન્ટ્રીઓ પસંદ કરશે. વિજેતાઓને પુસ્તકો, ડિજિટલ રિસોર્સ સાથેની પેન ડ્રાઇવ અને રોકડ ઇનામ ( પ્રથમ ઇનામ રૂ. ૧૦૦૦૦/-, દ્વિતીય ઇનામ રૂ. ૭૦૦૦/-, અને તૃતીય ઇનામ રૂ. ૫૦૦૦/-) આપવામાં આવશે. સાત આશ્વાસન ઇનામ દરેક એન્ટ્રીઓમાં (દરેકને રૂ. ૨૦૦૦/-) આપવામાં આવશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૬-A તા.૦૧-૧૦-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ''હોમ લર્નિંગ'' અંગે દુરદર્શન કેન્દ્ર ડી ડી. ગીરનાર ચેનલ પરથી પ્રસારિત થનાર શૈક્ષણિક કાર્ય અંતર્ગત ઓકટોબર-૨૦૨૦ માસના સમયપત્રક બાબત.

સંદર્ભ :- પત્ર ક્રમાંક : એસએસએ/ક્યુઈએમ/૧/૨૦૨૦/૩૩૩૭૫-૪૫૧ તા.૨૯-૯-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, કોરોના મહામારીને કારણે ૮ જૂનથી શરૂ થતા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓને શાળાઓમાં બોલાવી શૈક્ષણિક કાર્ય કરાવી શકાય તેમ નથી. જેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે રાજય કક્ષાએથી ધો.૧ થી ૫, ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ વિષયવસ્તુ આધારિત વિડીયો/શૈક્ષણિક પાઠ ટી.વી.ના માધ્યમ દ્વારા એટલે કે દુરદર્શન કેન્દ્ર ડી.ડી.ગીરનાર ચેનલથી આ સાથે સામેલ સમયપત્રક અનુસાર પ્રસારિત કરવામાં આવશે.

શિક્ષણ વિભાગ દ્વારા 'હોમ લર્નિંગ' કાર્યક્રમ અંતર્ગત ઓકટોબર માસનું તા.૧-૧૦-૨૦૨૦ થી તા.૧૫-૧૦-૨૦૨૦ સુધીનું સમયપત્રક આ સાથે મોકલી આપવામાં આવેલ છે. તે પ્રમાણે વિદ્યાર્થીઓ ઘરે રહી બિનચૂક રીતે આ કાર્યક્રમ નિહાળી પોતાના શૈક્ષણિક કાર્યમાં અભિવૃદ્ધિ કરી કાર્યક્રમને સફળ બનાવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે અને બાળકો નિયમિત પ્રસારણ નિહાળે છે તેનું ટેલીફોનીક મોનીટરીંગ કરવાનું રહેશે.

નોંધ :- વિદ્યાર્થીઓ જયારે કાર્યક્રમ નિહાળે ત્યારે જણાવેલ સમયપત્રક મુજબના પાઠયપુસ્તક, પેન-પેન્સિલ, નોટબુક જેવી જરૂરી શૈક્ષણિક સામગ્રી સાથે રાખે તેવી સૂચના આપવાની રહેશે.

બિડાણ :- ૧. સંદર્ભિત પત્ર
૨. ટી.વી.પરથી પ્રસારિત થનાર કાર્યક્રમનું સમયપત્રક

તા.૦૧-૧૦-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

**ગુજરાત કાઉન્સિલ ઓફ એલીમેન્ટરી એજયુકેશન**
**સ્ટેટ પ્રોજેકટ કચેરી,**
સમગ્ર શિક્ષા, **સેકટર–૧૭,** ગાંધીનગર.
**ફોન નંબર : ૦૭૯–૨૩૨૪૭૧૩૩**
E-mail : gecell@gmail.com
Tollfree No. : 1800 233 7965

**પત્રક્રમાંક:એસએસએ/QEM/1/૨૦૨૦/** ૩૩૩૭૫-૪૫૧૬ **તા.૨૯/૦૯/૨૦૨૦**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા - તમામ

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા - તમામ
શાસનાધિકારીશ્રી - અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.

વિષય- "હોમ લર્નિંગ" અંગે દુરદર્શન કેન્દ્ર- ડી.ડી.ગીરનાર ચેનલથી પ્રસારિત થનાર શૈક્ષણિક કાર્ય અંતર્ગત ઓક્ટોબર-૨૦૨૦ માસના સમય પત્રક બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ૮ જુન-૨૦૨૦થી શરુ થયેલ ચાલુ શૈક્ષણિક વર્ષ હાલની કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓને શાળાઓમાં બોલાવી શૈક્ષણિક કાર્ય કરાવી શકાય તેમ નથી. જેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે રાજ્ય કક્ષાએથી ધો-૧ થી ૫, ધો- ૬ થી ૮ અને ધો- ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ વિષયવસ્તુ આધારિત વિડીયો/શૈક્ષણિક પાઠ ટી.વી.ના માધ્યમથી એટલે કે દુરદર્શન કેન્દ્ર- ડી.ડી. ગીરનાર ચેનલથી ૧૫ જુન-૨૦૨૦થી શરુ કરવામાં આવેલ છે.

આ અંગે ધો-૧ થી ૧૨ના વિદ્યાર્થીઓનું દુરદર્શન-ડીડી ગીરનારથી પ્રસારિત થતા શૈક્ષણિક કાર્ય અંતર્ગત ઓકટોબર-૨૦૨૦ માસના અધ્યયન પ્રક્રિયાના તાસનું સમયપત્રક આ સાથે સામેલ છે. આપના જિલ્લાની તમામ શાળાઓમાં બી.આર.સી/સી.આર.સી./શિક્ષકો મારફત વાલીઓ,વિદ્યાર્થીઓ સુધી આ સમયપત્રક પહોચાડવા વિનંતી છે.

<u>બિડાણ- ધો ૧ થી ૧૨નું ઓકટોબર-૨૦૨૦નું સમયપત્રક</u>

સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- માન.એસપીડીશ્રી,સદર કચેરી
- માન.નિયામકશ્રી,શાળાઓની કચેરી,ગાંધીનગર.
- માન.ચેરમેનશ્રી,મા અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
- માન.નિયામકશ્રી,પ્રા.શિક્ષણ,ગાંધીનગર.
- માન.નિયામકશ્રી,GCERT,ગાંધીનગર.
- માન.એએસપીડીશ્રી,સદર કચેરી.

| પ્રજ્ઞા હોમ લર્નિંગ આયોજન | | | | | | |
|---|---|---|---|---|---|---|
| માસ-ઓક્ટોબર ૨૦૨૦ | | | | | | |
| તારીખ | વાર | ધોરણ | વિષય | તાસ | એકમ | એકમ નું નામ |
| 03-10-2020 | શનિવાર | 1 | ગણિત | 9 | 2 | ૧ થી ૫ સુધીની સંખ્યાઓ |
| 03-10-2020 | શનિવાર | 2 | ગણિત | 9 | 16 | જૂથમાં ગણતરી (ભાગ -૪) |
| 05-10-2020 | સોમવાર | 1 | ગુજરાતી | 10 | 1,2 | પુનરાવર્તન(એકમ ૧-૨ ભાગ ૨) |
| 05-10-2020 | સોમવાર | 2 | ગુજરાતી | 10 | 1 થી 11 | પુનરાવર્તન (ભાગ-૨) |
| 06-10-2020 | મંગળવાર | 1 | ગણિત | 10 | 2 | ૧ થી ૫ સુધીની સંખ્યાઓ (ભાગ-૪) |
| 06-10-2020 | મંગળવાર | 2 | ગણિત | 10 | 17 | તમે કેટલું વજન ઊંચકી શકો છો ?(ભાગ ૧) |
| 09-10-2020 | શુક્રવાર | 1 | ગુજરાતી | 11 | 1 થી 3 | પુનરાવર્તન(એકમ ૧થી ૩ ભાગ ૩) |
| 09-10-2020 | શુક્રવાર | 2 | ગુજરાતી | 11 | 12 | બે મિત્રો (ભાગ -૧) |
| 10-10-2020 | શનિવાર | 1 | ગણિત | 11 | 3 | ૬ થી ૯ સુધીની સંખ્યાઓ (ભાગ ૧) |
| 10-10-2020 | શનિવાર | 2 | ગણિત | 11 | 17 | તમે કેટલું વજન ઊંચકી શકો છો ?(ભાગ ૨) |
| 12-10-2020 | સોમવાર | 1 | ગુજરાતી | 12 | 4 | બે બિલાડી અને વાંદરો (ભાગ ૧) |
| 12-10-2020 | સોમવાર | 2 | ગુજરાતી | 12 | 12 | બે મિત્રો (ભાગ -૨) |
| 13-10-2020 | મંગળવાર | 1 | ગણિત | 12 | 3 | ૬ થી ૯ સુધીની સંખ્યાઓ (ભાગ ૨) |
| 13-10-2020 | મંગળવાર | 2 | ગણિત | 12 | 17 | તમે કેટલું વજન ઊંચકી શકો છો ?(ભાગ ૩) |

# હોમ લર્નિંગ પ્રસારણ <u>ધોરણ ૩ થી ૫</u> - ઑક્ટોબર-૨૦૨૦

| તારીખ | | વિષય | વિષય | વિષય |
|---|---|---|---|---|
| | સમય | **9:00 to 9:30** | **9:30 to 10:00** | **10:00 to 10:30** |
| | ધોરણ | **3** | **4** | **5** |
| 1 | ગુરુવાર | ગુજરાતી EP-30<br>વાંચવાની કળા-2 | ગુજરાતી EP-30<br>પુનરાવર્તન-2 (ભાગ-1) | અંગ્રેજી EP-16<br>UNIT 1. WHAT IS IN THIS UNIT? -3 |
| 2 | શુક્રવાર | ગણિત EP- 31<br>૭. સમય વહી જાય છે. - 1 | ગણિત EP-31<br>૭.જગ અને મગ- 1 | પર્યાવરણ EP- 13<br>8.મચ્છર,રોગો અને સારવાર-1 |
| 3 | શનિવાર | પ્રવૃત્તિસભર શૈક્ષણિક કાર્ય | પ્રવૃત્તિસભર શૈક્ષણિક કાર્ય | પ્રવૃત્તિસભર શૈક્ષણિક કાર્ય |
| 4 | રવિવાર | | **રવિવાર** | |
| 5 | સોમવાર | ગુજરાતી EP-31<br>લેખનની કળા | ગુજરાતી EP-31<br>પુનરાવર્તન-2 (ભાગ-2) | ગુજરાતી EP-15<br>6.નર્મદામૈયા-1 |
| 6 | મંગળવાર | ગણિત EP-32<br>૭. સમય વહી જાય છે. -2 | ગણિત EP-32<br>૭.જગ અને મગ-2 | હિન્દી EP-16<br>ભાષાસજ્જતા-3 |
| 7 | બુધવાર | પર્યાવરણ EP-15<br>10.રસોડાની વાત | પર્યાવરણ EP-15<br>10.કબડ્ડી...કબડ્ડી...કબડ્ડી | ગણિત EP-18<br>6. તું મારો ગુણક, હું તારો અવયવ-2 |
| 8 | ગુરુવાર | ગુજરાતી EP-32<br>પુનરાવર્તન- એકમ ૧ | ગુજરાતી EP-32<br>પુનરાવર્તન-2 (ભાગ-3) | અંગ્રેજી EP-17<br>UNIT 1. WHAT IS IN THIS UNIT? -4 |
| 9 | શુક્રવાર | ગણિત EP-33<br>૭. સમય વહી જાય છે. -3 | ગણિત EP-33<br>૭.જગ અને મગ-3 | પર્યાવરણ EP- 14<br>8.મચ્છર,રોગો અને સારવાર-2 |
| 10 | શનિવાર | પ્રવૃત્તિસભર શૈક્ષણિક કાર્ય | પ્રવૃત્તિસભર શૈક્ષણિક કાર્ય | પ્રવૃત્તિસભર શૈક્ષણિક કાર્ય |
| 11 | રવિવાર | | **રવિવાર** | |
| 12 | સોમવાર | ગુજરાતી EP-33<br>પુનરાવર્તન- એકમ ૨ | ગુજરાતી EP-33<br>પુનરાવર્તન-એકમ ૧ | ગુજરાતી EP-16<br>6.નર્મદામૈયા-2 |
| 13 | મંગળવાર | ગણિત EP- 34<br>૭. સમય વહી જાય છે. -4 | ગણિત EP-34<br>૭.જગ અને મગ-4 | પર્યાવરણ EP- 15<br>9.ચઢીએ ઊંચા ચઢાણ-1 |
| 14 | બુધવાર | પર્યાવરણ EP-16<br>11.આપણાં વાહનો-1 | પર્યાવરણ EP-16<br>11.વાડીમાં-1 | ગણિત EP-19<br>6.તું મારો ગુણક, હું તારો અવયવ-3 |
| 15 | ગુરુવાર | ગુજરાતી EP-34<br>પુનરાવર્તન- એકમ 3 | ગુજરાતી EP-34<br>પુનરાવર્તન-એકમ ૨ | અંગ્રેજી EP-18<br>UNIT 2.Umbrellas Are Colourful-1 |

| TIME TABLE FOR DOORDARSHAN GCERT STD-6, 7 & 8 WEEK-1 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| SR.NO. | DATE | DAY | SUB | STD-6 Time-10:30 to 11:00 | SUB | STD-7 Time- 11:30 to 12:00 | SUB | STD-8 Time-14:30 to 15:00 | |
| 1 | 01-Oct | THU | ENG | પુનરાવર્તન-1 | ENG | પુનરાવર્તન-1 | ENG | પુનરાવર્તન-1 | |
| | | | HIN | પુનરાવર્તન-1 | HIN | પુનરાવર્તન-1 | HIN | પુનરાવર્તન-1 | |
| 2 | 02-Oct | FRI | ENG | પુનરાવર્તન-3 | ENG | પુનરાવર્તન-3 | ENG | પુનરાવર્તન-3 | |
| | | | HIN | પુનરાવર્તન-3 | HIN | પુનરાવર્તન-3 | HIN | પુનરાવર્તન-3 | |
| 3 | 03-Oct | SAT | ENG | પુનરાવર્તન-4 | ENG | પુનરાવર્તન-4 | ENG | પુનરાવર્તન-4 | |
| | | | HIN | પુનરાવર્તન-4 | HIN | પુનરાવર્તન-4 | HIN | પુનરાવર્તન-4 | |
| 4 | 04-Oct | SUN | SUNDAY | | | | | | |
| 5 | 05-Oct | MON | MATHS | પાયાના આકારોની સમજૂતી- 5 | MATHS | ત્રિકોણના ગુણધર્મો-2 | MATHS | વર્ગ અને વર્ગમૂળ-2 | |
| | | | HIN | બુઝો તો જાને-2 | SS | રાજ્ય સરકાર-3 | HIN | સોચ અપની અપની-2 | |
| 6 | 06-Oct | TUE | SCI | વનસ્પતિની જાણકારી મેળવીએ-2 | SCI | હવામાન, આબોહવા અને પ્રાણીઓનું અનુકૂલન-2 | SCI | વનસ્પતિઓ અને પ્રાણીઓનું સંરક્ષણ-2 | |
| | | | SS | ભારતની પ્રારંભિક રાજ્ય વ્યવસ્થા-1 | SS | રાજ્ય સરકાર-4 | SS | 1857 નો સંગ્રામ-1 | |
| 7 | 07-Oct | WED | MATHS | પાયાના આકારોની સમજૂતી-6 | MATHS | ત્રિકોણના ગુણધર્મો-3 | MATHS | વર્ગ અને વર્ગમૂળ-3 | |
| | | | SS | ભારતની પ્રારંભિક રાજ્ય વ્યવસ્થા-2 | SS | વાતાવરણની સજીવો પર અસર- 1 | SS | 1857 નો સંગ્રામ-2 | |
| TIME TABLE FOR DOORDARSHAN GCERT STD-6, 7 & 8 WEEK-2 | | | | | | | | | |
| 8 | 08-Oct | THU | GUJ | લેખણ ઝાલી ન રહી-3 | GUJ | માલમ હલેસાં માર-1 | GUJ | દેશભક્ત જગડુશા-5 | |
| | | | ENG | Watch Your Watch,A-1 | ENG | Longer,Sharper,Bigger, A-3,P-1 | ENG | Sun Tour,A-4,P-1 | |
| 9 | 09-Oct | FRI | SK | કરોતિ | SK | સમય: | SK | વિનોદપદ્યાનિ | |
| | | | SS | પૃથ્વીના આવરણો-1 | SS | વાતાવરણની સજીવો પર અસર- 2 | HIN | સોચ અપની અપની-3 | |
| 10 | 10-Oct | SAT | MATHS | પાયાના આકારોની સમજૂતી-7 | MATHS | ત્રિકોણના ગુણધર્મો-4 | MATHS | વર્ગ અને વર્ગમૂળ-4 | |
| | | | HIN | બુઝો તો જાને-3 | SS | વાતાવરણની સજીવો પર અસર- 3 | GUJ | આજ આનંદ-1 | |
| 11 | 11-Oct | SUN | SUNDAY | | | | | | |
| 12 | 12-Oct | MON | SCI | વનસ્પતિની જાણકારી મેળવીએ-3 | SCI | પવન વાવાઝોડું અને ચક્રવાત-1 | SCI | વનસ્પતિઓ અને પ્રાણીઓનું સંરક્ષણ-3 | |
| | | | HIN | બુઝો તો જાને-4 | GUJ | માલમ હલેસાં માર-2 | GUJ | આજ આનંદ-2 | |
| 13 | 13-Oct | TUE | ENG | Watch Your Watch,A-2 | ENG | Longer,Sharper,Bigger,A-3,P-2 | ENG | Sun Tour,A-4,P-2 | |
| | | | GUJ | લેખણ ઝાલી ન રહી-4 | GUJ | બા નો વાડો-1 | GUJ | આજ આનંદ-3 | |
| 14 | 14-Oct | WED | SCI | વનસ્પતિની જાણકારી મેળવીએ-4 | SCI | પવન વાવાઝોડું અને ચક્રવાત-2 | SCI | વનસ્પતિઓ અને પ્રાણીઓનું સંરક્ષણ-4 | |
| | | | SS | પૃથ્વીના આવરણો-2 | SS | વાતાવરણની સજીવો પર અસર- 4 | HIN | મા કહ એક કહાની-1 | |
| TIME TABLE FOR DOORDARSHAN GCERT STD-6, 7 & 8 WEEK-3 | | | | | | | | | |
| 15 | 15-Oct | THU | MATHS | પાયાના આકારોની સમજૂતી-8 | SCI | પવન વાવાઝોડું અને ચક્રવાત-3 | SCI | વનસ્પતિઓ અને પ્રાણીઓનું સંરક્ષણ-5 | |
| | | | GUJ | લેખણ ઝાલી ન રહી-5 | GUJ | બા નો વાડો-2 | GUJ | આજ આનંદ-4 | |